# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર



ભાજપનો 'પ્લાન બી' પણ નિષ્ફળ | આણંદ જિલ્લા પંચાયતમાં પ્રમુખપદ માટે સારસા બેઠકના મયુરીબહેન પટેલ એસટી તરીકેના જરૂરી દસ્તાવેજ રજુ કરી ન શક્યા

# આણંદ જિલ્લા પંચાયતમાં બહુમતી છતાં ભાજપે પ્રમુખપદ ગુમાવ્યું

**પ્રમુખ - ઉપપ્રમુખની** ચૂંટણીના આગલા દિવસે ફોર્મ ભરવાની પ્રક્રિયામાં જ ભાજપના ઉમેદવારનું ફોર્મ રદ થયું



(પ્રતિનિધિ) આણંદ તા.૨૪

આણંદ જિલ્લા પંચાયતમાં રવિવારના રોજ 'ન ભૂતો ન ભવિષ્ય' જેવો રાજકીય હાઈડ્રામા સર્જાયો હતો. જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની સોમવારના રોજ ચૂંટણી હતી. જે સંદર્ભે રવિવારના રોજ ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયા સવારે 11 વાગ્યાથી શરૂ થઈ હતી. જે બપોરના 3-30 વાગ્યા સુધી ચાલી, તેમાં રાજકીય ઉથલપાથલ જોવા મળી હતી. પ્રમુખ પદ માટે રજૂ થયેલા બે ફોર્મ પૈકી ભાજપના ઉમેદવાર મયુરીબહેનનું ફોર્મ અનામત કેટેગરીના નિયમોનું પાલન ન કરવા બદલ અમાન્ય ઠરતા રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. આ ફોર્મ રદ થતાં જિલ્લા પંચાયતમાં ભાજપની જંગીબહુમતી હોવા છતાં પ્રમુખપદ ગુમાવ્યું હતું. જોકે, ઉપપ્રમુખપદે ભાજપના જીલુભા સિંધા બિનહરીફ થયાં છે.

આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે નોંધાયેલા ઉમેદવારી પત્રોની સત્તાવાર ચકાસણી કરવામાં આવી હતી. પ્રમુખ પદ માટે કુલ બે ફોર્મ રજૂ થયા હતા, જેમાં ચકાસણીના અંતે કોંગ્રેસના હાડગુડ બેઠકના ગૌરીબહેન શંભુભાઈ તડવીનું ફોર્મ માન્ય જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે ભાજપના સારસા બેઠકના મયુરી નિકિત પટેલનું ફોર્મ અમાન્ય ઠર્યું હતું.

આણંદ જિલ્લા પંચાયતની પ્રમુખની બેઠક ST (અનુસૂચિત જનજાતિ) માટે અનામત રાખવામાં આવી છે. નિયમ મુજબ ઉમેદવારે એસટી કેટેગરીના જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના હોય છે, જે મયુરીબેન પટેલના ફોર્મ સાથે ન હોવાને કારણે તેમનું ઉમેદવારી પત્ર રદ કરવામાં આવ્યું હતું. બીજી તરફ, ઉપપ્રમુખ પદ માટે જીલુભા પર્વતસિંહ સિંધાનું ફોર્મ રજૂ કરવામાં આવ્યું હતું. આ ફોર્મની ચકાસણી કર્યા બાદ તેને માન્ય રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આમ, ફોર્મ ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થતા કોંગ્રેસના ગૌરીબહેન પ્રમુખ અને ભાજપના જીલુભા ઉપપ્રમુખ બને તેવો રાજકીય સિનારીયો સર્જાયો છે.

આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ પદની ચૂંટણીમાં મોટો રાજકીય ઉલટફેર જોવા મળ્યો છે. આદિવાસી મહિલા અનામત બેઠક પર ભાજપના ઉમેદવારનું ફોર્મ રદ થતા હવે કોંગ્રેસના ઉમેદવાર ગૌરીબેન તડવી બિનહરીફ પ્રમુખ તરીકે ચૂંટાઈ આવશે.જેમને સોમવારના રોજ વિધિવત રીતે બિનહરીફ પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવશે.

### આજે ઔપચારીક ચૂંટણી યોજાશે

આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી સોમવારના રોજ યોજાશે. આ ચૂંટણીમાં અધ્યાસી અધિકારી તરીકે જીએલપીસીના એમડી પ્રશસ્તી પરીખ હાજર રહેશે. જોકે, ચૂંટણી અધિકારી તરીકે જિલ્લા વિકાસ અધિકારીએ ફોર્મ ભરવા અને ચકાસણીની પ્રક્રિયા રવિવારના રોજ પૂર્ણ કરી હતી. જેમાં ભાજપના ઉમેદવાર મયુરીબહેન પટેલનું ફોર્મ રદ્દ થયા બાદ આ ચૂંટણીમાં નવાજૂનીના એંધાણ દેખાઇ રહ્યાં છે.

### ભાજપના ઉમેદવાર મયુરીબહેનના જન્મસ્થળ અને લગ્ન દરજ્જા મુદ્દે વાંધા રજુ કરાયાં



કોંગ્રેસ દ્વારા પ્રથમ મુખ્ય વાંધો ભાજપના ઉમેદવારના રહેઠાણ એટલે કે 'ડોમિસાઇલ' અંગે હતો. મયુરીબહેનનો જન્મ અને ઉછેર મહારાષ્ટ્રમાં થયો છે. કાયદાકીય દલીલ મુજબ, સામાજિક વિકાસના લાભો અને આરક્ષણનો અધિકાર માત્ર તે જ વ્યક્તિને મળી શકે જેઓ જે-તે રાજ્યના મૂળ નિવાસી હોય. જે વ્યક્તિ રાજ્યમાં જન્મી કે ઉછરી નથી, તેને સ્થાનિક લાભો આપી શકાય નહીં. બીજો ગંભીર મુદ્દો લગ્ન પછીના સામાજિક દરજ્જાનો છે. ઉમેદવાર અન્ય પરિવારમાં લગ્ન કરીને આવ્યા હોવાથી તેમના દરજ્જા પર સવાલ ઉઠાવવામાં આવ્યો હતો.

### મહારાષ્ટ્રના વતની હોવાના પુરાવા રજૂ કરાયા

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ફોર્મની ચકાસણી વખતે કોંગ્રેસ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યો હતો કે, ભાજપના ઉમેદવાર મૂળ ગુજરાતના વતની નથી. તેમનો જન્મ મહારાષ્ટ્રમાં થયો હોવાથી તેઓ અહીં આદિવાસી તરીકેના લાભ કે સર્ટિફિકેટ મેળવવા માટે પાત્ર નથી. તમામ પુરાવાઓની ચકાસણી કર્યા બાદ ચૂંટણી અધિકારી અને ડીડીઓએ ભાજપના ઉમેદવારનું ફોર્મ રદ કરવાનો મહત્વનો નિર્ણય લીધો હતો.

### ખોટા પ્રમાણપત્રના આધારે સત્તા મેળવવાનો ખેલ નિષ્ફળ

'આણંદ જિલ્લા પંચાયતનું પ્રમુખ પદ એસટી (ST) મહિલા માટે અનામત હતું, જેમાં કોંગ્રેસ તરફથી ગૌરીબેન તડવીએ ફોર્મ ભર્યું હતું. ભાજપ દ્વારા પણ આ બેઠક પર દાવો કરવામાં આવ્યો હતો, પરંતુ કોંગ્રેસનો આરોપ હતો કે ભાજપના ઉમેદવારે ખોટા આદિવાસી પ્રમાણપત્રના આધારે ઉમેદવારી કરી છે. કોંગ્રેસના આગેવાનોએ આ મામલે કલેક્ટર, ડીડીઓ અને આદિવાસી કમિશનરને લેખિતમાં વારંવાર રજૂઆતો કરી હતી. આખરે સત્યની જીત થઇ છે. ભાજપની સત્તા મેળવવાની ખોટી ચાલ નિષ્ફળ નીવડી છે.' - **અમિત ચાવડા, ધારાસભ્ય, આંકલાવ.**

### જિલ્લા પંચાયતની સમિતિમાં કોકડું ગુંચવાશે

આણંદ જિલ્લા પંચાયતની કારોબારી સમિતિ સહિતની વિવિધ સમિતિની રચના પ્રમુખના હાથમાં હોય છે. હવે, વિપક્ષ એવા કોંગ્રેસના સભ્ય પ્રમુખ બનતાં સમિતિના ચેરમેનની પસંદગીમાં પણ ભારે રાજકીય હાઈડ્રામા જોવા મળશે. કારોબારી, આરોગ્ય, હિસાબી, શિક્ષણ, જાહેર બાંધકામ જેવી મલાઇદાર સમિતિમાં કોંગ્રેસના સભ્યને ચેરમેન બનાવવામાં આવે તો ભારે ખેંચતાણ જોવા મળી શકે છે. હાલ કોંગ્રેસ પાસે સાત સભ્યો જ છે. જ્યારે ભાજપ પાસે 33 સભ્ય છે. આથી, કોંગ્રેસના તમામ સભ્યોને ચેરમેન બનવાના અભરખા સેવી રહ્યાં છે. આમ, બહુમતી ન હોવા છતાં કોંગ્રેસ રાજ કરે તેવો સિનારીયો સર્જાયો છે. જોકે, હાલ તો જો તોનું ગણિત મંડાયું છે.

---

ખોટી સહીઓ કરી બેંક ખાતું ખોલાવ્યું અને ભાગીદારી પેઢીના નાણાં અંગત કામમાં વાપરી નાંખ્યાં

# લુણાવાડામાં કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટમાં ₹૫.૬૧ કરોડની છેતરપિંડી આચરી

**લુણાવાડા** પોલીસે ગોધરાના દંપતી સામે પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૪

લુણાવાડાના મોટા સોનેલા ગામમાં નિર્માણ પામી રહેલા 'શિવાલય પરિસર' પ્રોજેક્ટમાં બિલ્ડરની જાણ બહાર ખોટી સહી કરી બેંકમાં ખાતું ખોલાવી, ભાગીદાર દંપતીએ અંદાજે રૂ. ૫.૬૧ કરોડથી વધુનીની ઉચાપત કરી હોવાની ફરિયાદ લુણાવાડા પોલીસ મથકે નોંધાઈ છે.

લુણાવાડાના રહીશ અને વ્યવસાયે બિલ્ડર રીપલગીરી કંચનગીરી ગોસાઈ (ઉં.વ. ૨૨) એ ગોધરાના ધવલ કીરીટકુમાર બાવીસી અને તેમના પત્ની દર્શનાબેન ધવલ બાવીસી સામે ફરિયાદ નોંધાવી છે. રીપલગીરી અને ધવલ, દર્શનાબહેને 'આદિનાથ ઓરા ઈન્ફ્રા સોલ્યુશન્સ' નામની ભાગીદારી પેઢી બનાવી લુણાવાડામાં શિવાલય પરિસરના બાંધકામનું કામ શરૂ કર્યું હતું.

ગોધરાના દંપતીએ રીપલગીરીને વિશ્વાસમાં લઈ, તેમની જાણ બહાર બેંક ઓફ બરોડાની ગોધરા શાખામાં પેઢીના નામે એક સંયુક્ત ખાતું ખોલાવ્યું હતું, જેમાં રીપલગીરીની ખોટી સહીઓ કરવામાં આવી હતી. શિવાલય પરિસર પ્રોજેક્ટના પ્લોટ વેચાણની રકમ અને ગ્રાહકોના નાણાં આ ખાતામાં જમા કરાવી, ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૪ થી ૧૬મી માર્ચ,૨૦૨૬ દરમિયાન દંપતીએ તેમાંથી કુલ રૂ. ૫.૬૧ કરોડ જેટલી મોટી રકમ પોતાના અંગત વપરાશમાં લઈ લીધી હતી. આ નાણાંનો ઉપયોગ દંપતીએ ગોધરા ખાતે પોતાની 'પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ' ના કન્સ્ટ્રક્શનમાં કર્યો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. જ્યારે પ્રોજેક્ટના કોન્ટ્રાક્ટરો, સપ્લાયરો અને લેબરોને કામના પૈસા ન મળતા તેઓએ બૂમો પાડી હતી, ત્યારે રીપલગીરીને આ છેતરપિંડીની જાણ થઈ હતી. દંપતીએ ફરિયાદીને હિસાબ આપવામાં ગલ્લાતલ્લા કર્યા હતા અને ધમકી પણ આપી હતી. હાલમાં લુણાવાડા પોલીસે ધવલ બાવીસી અને દર્શનાબહેન સામે ગુનો નોંધ્યો હતો.

### તમિલનાડુમાં અભ્યાસ અર્થે બહાર હતા

લુણાવાડાની 'શિવાલય' સાઇટના ભાગીદારોએ બિલ્ડરની ગેરહાજરીમાં તેમની નકલી સહીથી ગોધરાની બેંકમાં નવું જોઈન્ટ એકાઉન્ટ ખોલાવ્યું હતું. આ છૂપા ખાતામાં સાઇટના ગ્રાહકોના બુકિંગના કરોડો રૂપિયા પડાવી લીધા હતા. બિલ્ડર જ્યારે તમિલનાડુમાં અભ્યાસ અર્થે બહાર હતા, ત્યારે તેની જાણ થઇ હતી.

---

# ઉમરેઠમાં સગીરા પર દુષ્કર્મ આચર્યુ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.૨૪

ઉમરેઠ પંથકમાં સગીર વયની દીકરીને પ્રેમજાળમાં ફસાવી તેનું અપહરણ કર્યા બાદ તેની પર દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે ઉમરેઠ પોલીસે ગુનો નોંધી નરાધમની ધરપકડ કરી હતી.

મળતી વિગતો અનુસાર, મેઘવા ગામનો રહેવાસી અક્ષય સામંતસિંહ પરમારે પંથકની સગીર વયની દીકરીને પ્રેમજાળમાં ફસાવી હતી. ગત તારીખ 22મી, મે ૨૦૨૬ના રોજ લગ્ન કરવાની લાલચ આપી તેના ભગાડી ગયો હતો. આ અપહરણ કર્યા બાદ સગીરાને ડાકોર મુકામે ઓવરબ્રિજ પાસે આવેલા એક ખંડેર મકાનમાં લઈ ગયો હતો. જ્યાં રાત્રિના સમયે સગીરાની મરજી વિરુદ્ધ તેની સાથે ત્રણથી ચાર વખત દુષ્કર્મ ગુજાર્યું હતું. આ ઘટના અંગે ભોગ બનનારના પરિવારે ઉમરેઠ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ચકચાર મચી ગઈ છે.

---

ખેડા જિલ્લા પંચાયત માટે ભાજપે વ્હીપ જાહેર કરતાં અટકળોનો અંત

# ખેડા જિલ્લા પંચાયતના પ્રમુખ પદે હિતેશ તડવીની વરણી થશે

**આજે સવારે** 11 વાગ્યે સામાન્ય સભામાં થશે સત્તાવાર જાહેરાત

**વહીવટી** કામગીરી અને વિકાસના કામોને વેગ મળશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૪

ખેડા જિલ્લા પંચાયતના પ્રમુખ પદને લઈને ચાલી રહેલી લાંબા સમયની અટકળોનો આજે સુખદ અંત આવ્યો છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા સત્તાવાર રીતે વ્હીપ જાહેર કરીને હિતેશ તડવીના નામ પર પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો છે. સોમવારે સવારે 11 વાગ્યે મળનારી સામાન્ય સભામાં આ અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે, ત્યારબાદ તેઓ પોતાનો પદભાર સંભાળશે.

ખેડા જિલ્લા પંચાયતમાં છેલ્લા ઘણા સમયથી પ્રમુખ પદ ખાલી હોવાને કારણે જિલ્લા પંચાયતના અનેક વિકાસલક્ષી કામો અને વહીવટી પ્રક્રિયાઓ ધીમી પડી હતી. હિતેશ તડવીની નિયુક્તિથી ગ્રામ્ય સ્તરના પડતર પ્રશ્નોના નિકાલની આશાઓ બંધાઈ છે. પક્ષના મોવડી મંડળે સ્થાનિક સમીકરણો અને જ્ઞાતિ આધારિત ગણતરીઓને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો હોવાનું મનાય છે. ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરેલા સોગંદનામા મુજબ, હિતેશ તડવી ખેતીલાયક જમીન અને વાહનો જેવી મિલકતો ધરાવે છે. તેમની શૈક્ષણિક લાયકાત અને કોઈ પણ ગુનાહિત ઈતિહાસ ન હોવાની સ્વચ્છ છબી પક્ષ માટે મહત્વનું પાસું સાબિત થઈ છે. આ નવી વરણી સાથે જ જિલ્લા પંચાયતના રાજકારણમાં નવો અધ્યાય શરૂ થશે અને આગામી દિવસોમાં વિવિધ સમિતિઓની રચનાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવશે.

### જિલ્લા પંચાયતના નવા સુકાનીઓ

**પ્રમુખઃ** હિતેશભાઈ ગુલાબસિંહ તડવી
**ઉપપ્રમુખઃ** પ્રવિણસિંહ ખુમાનસિંહ સોઢાપરમાર
**કારોબારી ચેરમેનઃ** વિકાસકુમાર પરમાર
**પક્ષના નેતાઃ** ઉષાબેન જીતેન્દ્રસિંહ ચૌહાણ
**દંડકઃ** શક્તાભાઈ શનાભાઈ મકવાણા

---

પત્નીના દાગીના ગીરો મૂકી લાવેલા નાણાં લઈ એજન્ટો પલાયન

# સંતરામપુર : સોલાર પ્લાન્ટના બહાને ખેડૂત સાથે ઠગાઈ થઈ

**'સક્સેસ ગ્રીન** સોલા' કંપનીના સંચાલકો સામે પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૨૪

સંતરામપુર તાલુકાના સાતકુંડા ગામમાં રહેતા એક સામાન્ય ખેડૂત સાથે સોલાર સિસ્ટમ લગાવી આપવાના નામે લાખો રૂપિયાની ઠગાઈ થઈ હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

સંતરામપુરના સાતકુંડા ગામે રહી ખેતી અને સિલાઈ કામ કરતા મહેશભાઈ ધીરાભાઈ બારીઆએ વધતા વીજ વપરાશને પહોંચી વળવા પોતાના ઘરે સોલાર સિસ્ટમ લગાવવાનું નક્કી કર્યું હતું. આ માટે તેઓએ શહેરા-લુણાવાડા રોડ પર આવેલી "સક્સેસ ગ્રીન સોલા" કંપનીનો સંપર્ક સાધ્યો હતો. આ કંપનીના એજન્ટ વિક્રમસિંહ જુવાનસિંહ નેમા (રહે. દેવગઢ બારીયા) અને તેના ભાગીદાર દિનેશભાઈ બારીઆએ (રહે. શહેરા) મહેશભાઈને ૩.૦ કિલોવોટની હાઈબ્રીડ સોલાર સિસ્ટમ માટે કુલ રૂ. ૨,૩૦,૦૦૦ નો ખર્ચ જણાવ્યો હતો.

જોકે, છેતરપિંડીનો ભોગ બનનાર ખેડૂતે આ રકમ ચૂકવવા માટે ભારે મહેનત કરી હતી. તેઓએ પોતાની સિલાઈ કામની બચતમાંથી રૂ. ૯૦ હજાર રોકડા આપ્યા હતા, જ્યારે બાકીના રૂ. ૧.૪૦ લાખ માટે પોતાની પત્નીના સોનાના દાગીના SBI બેન્કમાં ગીરો મૂકી લોન લીધી હતી. આ તમામ રકમ ડિસેમ્બર ૨૦૨૫માં એજન્ટોને ચૂકવી દેવામાં આવી હતી. આમ, નાણાં ચૂકવ્યાના લાંબા સમય બાદ પણ સોલાર પ્લાન્ટ ન નંખાતા મહેશભાઈએ તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે એજન્ટોએ પોતાના મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી દીધા હતા અને શહેરા-લુણાવાડા રોડ પર આવેલી ઓફિસ પણ બંધ કરીને તેઓ ફરાર થઈ ગયા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા, મહેશભાઈએ સંતરામપુર પોલીસ મથકે બંને શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

---

# આણંદમાં બીજા દિવસે પણ તાપમાન ૪૧ ડીગ્રી રહ્યું

**સાત કિમીની** ઝડપે ફૂંકાતી અગનઝાળથી જનજીવન ત્રાહિમામ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૪

આણંદ જિલ્લામાં ઉનાળાના અંતિમ તબક્કે ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. સમગ્ર જિલ્લામાં સતત બીજા દિવસે તાપમાનનો પારો 41 ડીગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જતાં જનજીવન આકુળવ્યાકુળ બની ગયું છે. આભેથી વરસતી અગનવર્ષા અને પ્રતિ કલાક 7 કિલોમીટરની ઝડપે ફૂંકાતા ગરમ પવનોને કારણે લોકો 'લૂ' નો અનુભવ કરી રહ્યા છે.

આણંદ શહેરમાં શનિવારે મહત્તમ તાપમાન 41.2 ડીગ્રી નોંધાયા બાદ રવિવારે પણ પારો 41 ડીગ્રી પર સ્થિર રહ્યો હતો. આમ, સતત બે દિવસથી ઊંચા તાપમાનને કારણે લોકો અંગદાઝતા તડકામાં શેકાયા છે. આગામી એકાદ પખવાડિયામાં ઉનાળો સમાપ્ત થવાને આરે હોવા છતાં, ગરમીથી રાહત મળવાના કોઈ એંધાણ દેખાઈ રહ્યા નથી.

આ આકરી ગરમીના કારણે બપોરના સમયે માર્ગો પર માનવ મહેરામણ ઓછો જોવા મળે છે અને લોકોનું ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. આ અસહ્ય તાપની અસર માત્ર મનુષ્યો પર જ નહીં, પરંતુ પશુ-પક્ષીઓ પર પણ જોવા મળી રહી છે, જેઓ ગરમીથી બચવા છાંયડો શોધી રહ્યા છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, દિવસભર પડતી કાળઝાળ ગરમીને કારણે વાતાવરણ એટલું ધગધગતું રહે છે કે તેની અસર મોડી રાત સુધી અનુભવાય છે.

---

### નડીયાદમાં વિજ ડીપીમાં આગ લાગતા અંધારપટ: રહીશો ગરમીમાં હેરાન



નડીયાદના પશ્ચિમ વિસ્તારમાં માઈ મંદિર નજીક આવેલી વિશ્વકર્મા વાડી ચોકડી પાસે શનિવારની રાત્રે એમજીવીસીએલની વિજ ડીપીમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. કોઈ અગમ્ય કારણોસર લાગેલી આ આગને કારણે સ્થાનિક રહીશોમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી. આ દુર્ઘટનાને પગલે વિસ્તારનો વિજ પુરવઠો કલાકો સુધી ખોરવાઈ ગયો હતો, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અંધારપટ છવાઈ ગયો હતો અને ઉનાળાની રાત્રે વિજળી ગુલ થઈ જતાં સ્થાનિક રહીશોને ભારે હાલાકી ભોગવવી પડી હતી અને અસહ્ય ગરમીમાં શેકાવાનો વારો આવ્યો હતો. - **જશવંતસિંહ રાઠોડ**

---

# નડિયાદમાં ૧૦૦થી વધુ દીકરીએ 'ધ ગ્રાન્ડ મહેંદી' સ્પર્ધામાં હસ્તકલાના રંગ પાથર્યા

**નડિયાદના કન્યા** વ્યાયામ મંદિર ખાતે 'ધ ગ્રાન્ડ મહેંદી' મેગા કોમ્પ્ટીશનનું ભવ્ય આયોજન કરાયું





(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૪

નડિયાદના કન્યા વ્યાયામ મંદિર ખાતે મહાદેવ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સતત ત્રીજા વર્ષે 'ધ ગ્રાન્ડ મહેંદી' મેગા કોમ્પ્ટીશનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સંપૂર્ણ નિઃશુલ્ક સ્પર્ધામાં શહેર અને આસપાસના વિસ્તારોની ૧૦૦થી વધુ દીકરીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની સુષુપ્ત કલાનું શાનદાર પ્રદર્શન કર્યું હતું.

નડિયાદ શહેર અને આસપાસના વિસ્તારની બહેનો અને દીકરીઓમાં રહેલી પ્રતિભાને ઓળખવા અને તેમને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાના ઉમદા હેતુથી આ મેગા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાદેવ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આ પ્રકારની મહેંદી સ્પર્ધાનું આ સતત ત્રીજું વર્ષ છે, જેને સ્પર્ધકો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો.

આ કાર્યક્રમમાં ટ્રસ્ટના અંકિતાબેન પટેલ, અમરીશભાઈ પટેલ અને સમાજના અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને દીકરીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ સ્પર્ધાના અંતે સહભાગી તમામ દીકરીઓને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી, જ્યારે સૌથી ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારી પાંચ શ્રેષ્ઠ સ્પર્ધકોને ટ્રોફી એનાયત કરી વિશેષ સન્માનિત કરવામાં આવી હતી.

નોંધનીય છે કે મહાદેવ ચેરિટેબલ ટ્રસ્ટ માત્ર સ્પર્ધાઓ જ નહીં, પરંતુ મહિલા સશક્તિકરણ માટે સિવણ અને બ્યુટી પાર્લર જેવા તાલીમ વર્ગો ચલાવીને અનેક સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. આ સ્પર્ધા દ્વારા દીકરીઓને પોતાની કલાના પ્રદર્શન માટે એક સક્ષમ અને વિનામૂલ્યે મંચ પ્રાપ્ત થયો હતો.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225